Extra No. 254

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, SEPTEMBER 8, 2025 / BHADRA 17, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-ધારી-યુનિટ-૬-૦૯૨૦૨૫.

ધારી નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ

૧. ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે)ની કલમ-૬ની પેટા કલમ ૪ થી નગરપાલિકાઓની તમામ ચૂંટણીઓની, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ની પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી કરવા જોગવાઇ છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેડમેન્ટ) એક્ટ, ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરવામાં આવેલ છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં લગભગ અડધી બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૫ થી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (ગુજરાત-૧૭ ઓફ ૨૦૨૩)થી સુધાર્યા મુજબ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ અંગે વોર્ડની સંખ્યા તથા બેઠકો (અનામત બેઠકો સહિત) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવે છે.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ GV 422 of 2024 UDUHD/mis/ MPMLA/18/2022/0002/M, તા.૨૧-૧૨-૨૦૨૪થી **અમરેલી** જિલ્લામાં નવીન **ધારી** નગરપાલિકાની રચના કરવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ ૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/78 of 2025 UDUHD/mis/MPMLA/18/2022/0002/M, તા.૧૨/૦૨/૨૦૨૫થી સને ૨૦૧૧ની વસતી આધારે **ધારી** નગરપાલિકા માટે **કુલ-૭** વોર્ડો અને **કુલ-૨૮** બેઠકો નક્કી કરેલ છે. વિભાગે ઉક્ત જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ-૭ ની પેટા કલમ-૨ ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીઓની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/78 of 2025 UDUHD/mis/MPMLA/18/2022/0002/ M, તા.૧૨/૦૨/૨૦૨૫ થી નક્કી થઇ આવેલ વોર્ડની સંખ્યા તથા બેઠકોની સંખ્યા અને અનામત બેઠકોની સંખ્યા ધ્યાને લઇને મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ (જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) અને તેમા વખતો વખત થયેલ સુધારાઓ ધ્યાને લઇ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૧૧ ના વસ્તી ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં ધારી નગરપાલિકાની કુલ વસ્તી ૩૦,૩૫૨ છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૪,૩૩૬ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારીઓ/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે વોર્ડ નં. ૫ અને ૭ સિવાયના કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. નિયમોના નિયમ-૩ ની જોગવાઈને ધ્યાનમાં રાખી શહેરના ૭ વોર્ડોનું આ સાથે અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખવામાં આવ્યુ છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રીઓ માટે, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બિન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ અપનાવવાનું થાય છે. મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો-૧૯૯૪ના નિયમ-૬(ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓની વસતીની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતા ક્રમ નક્કી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમા એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે તેમ નક્કી કરવામાં આવેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે **ધારી** નગરપાલિકા માટે **૨** બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે, જે પૈકી **૧** બેઠક સ્ત્રી માટે અનામત રાખેલ છે.

૧૨. સને ૨૦૧૧ની વસતિ ગણતરીના આખરી પ્રસિધ્ધ થયેલ આંકડા મુજબ **ધારી** નગરપાલિકાના જુદા જુદા ૭ સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૧	૩૯૨૨	૮૧૨	૨૦.૭૦
૨	૪	૪૫૫૨	૪૫૯	૧૦.૦૮
૩	૬	૪૭૧૯	૪૨૫	૯.૦૧
૪	૩	૩૯૧૮	૩૨૨	૮.૨૨
૫	૫	૩૮૪૨	૨૪૪	૬.૩૫
૬	૭	૪૮૯૪	૭૩	૧.૪૯
૭	૨	૪૫૦૫	૨૪	૦.૫૩
		૩૦૩૫૨	૨૩૫૯	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૧ અને ૪માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસતીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શકય હોય ત્યાં સુધી બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજય ચૂંટણી આયોગના તા. ૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી નિયત થયેલ માપદંડોમાં નક્કી કરવામાં આવેલ છે. . આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ નં. ૪ માં અનુસૂચિત જાતિ સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧ તથા ૪ માં નિયમોના નિયમ ૬ (ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧	અનુસૂચિત જાતિ
૪	અનુસૂચિત જાતિ સ્ત્રી

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિની કોઈ બેઠક નિર્ધારીત થયેલ નથી.

સને ૨૦૧૧ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની અનુસૂચિત આદિજાતિની વસ્તી ટકાવારી મુજબ ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૬	૪૭૧૯	૫૭	૧.૨૧
૨	૩	૩૯૧૮	૧૭	૦.૪૩
૩	૭	૪૮૯૪	૧૩	૦.૨૭
૪	૪	૪૫૫૨	૭	૦.૧૫
૫	૧	૩૯૨૨	૦	૦
૬	૨	૪૫૦૫	૦	૦
૭	૫	૩૮૪૨	૦	૦
કુલ		૩૦૩૫૨	૯૪	

શહેરી વિકાસ વિભાગના તા.૧૨-૦૨-૨૦૨૫ના જાહેરનામામાં ધારી નગરપાલિકામાં અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારીત થયેલ ન હોઈ અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક ફાળવવાની- અનામત રાખવાની થતી નથી.

૧૭. જાહેરનામા અન્વયે ૮ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૪ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ ના નિયમ-૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તી હોય તે વોર્ડોમાં પછાતવર્ગની વસતીની ટકાવારીના ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થતી હોય છે. તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય છે.

૧૮. જાહેરનામા અન્વયે ધારી નગરપાલિકાની ૮ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અને ૮ બેઠકો પૈકી ૪ બેઠકો પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. **ધારી** નગરપાલિકાના સૂચિત ૭ વોર્ડોને વોર્ડોની પછાતવર્ગની અંદાજીત વસ્તીની ટકાવારીના ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પછાતવર્ગની કુલ અંદાજીત વસ્તી	વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૭	૪૮૯૪	૩૦૬૫	૬૨.૬૩
૨	૨	૪૫૦૫	૨૬૯૪	૫૯.૮૦
૩	૬	૪૭૧૯	૨૦૭૦	૪૩.૮૭
૪	૪	૪૫૫૨	૧૯૬૯	૪૩.૨૬
૫	૩	૩૯૧૮	૧૪૪૭	૩૬.૯૩
૬	૧	૩૯૨૨	૧૩૧૮	૩૩.૬૧
૭	૫	૩૮૪૨	૧૧૮૧	૩૦.૭૪
કુલ		૩૦૩૫૨	૧૩૭૪૪	

૧૯. નગરપાલિકાના વોર્ડોમાંની પછાતવર્ગની વસતીની ટકાવારી ધ્યાને લેતા નીચેની મુજબની વિગતે **પછાતવર્ગ** બેઠક ફાળવણી કરવાની થાય છે.

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નં.	ફાળવેલ બેઠક
૧	૧	૭	પછાતવર્ગ
૨	૨	૨	પછાતવર્ગ સ્ત્રી
૩	૩	૬	પછાતવર્ગ સ્ત્રી
૪	૪	૪	પછાતવર્ગ
૫	૫	૩	પછાતવર્ગ
૬	૬	૧	પછાતવર્ગ સ્ત્રી
૭	૭	૫	પછાતવર્ગ
૮	૧	૭	પછાતવર્ગ સ્ત્રી

ઉપરની વિગતે **વોર્ડ નં. ૪માં** પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવણી કરવાની થાય. પરંતુ, **વોર્ડ નં. ૪ અગાઉ ફકરા નં. ૧૫ મુજબ અનુસૂચિત જાતિ સ્ત્રી બેઠકફાળવેલ હોઈ ત્યાં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવી શકાય તેમ નથી. જેથી આયોગના તા. ૧૧-૧૨-૨૦૧૪** ના આદેશના માપદંડો જોગવાઇ ધ્યાને લેતા વોર્ડ નં. **૪માં પછાતવર્ગની** અને વોર્ડ નં. **૬માં પછાતવર્ગ સ્ત્રી** બેઠક ફાળવણી કરવાની થાય, વોર્ડ નં. ૭ પછાતવર્ગ સ્ત્રી અને પછાતવર્ગ એમ બે બેઠકોની ફાળવણી કરવામાં આવે છે.

વધુમાં, પછાતવર્ગ માટે કુલ- ૪(આઠ) બેઠકો ફાળવવાની થતી હોઈ ઉક્ત માપદંડો ધ્યાને લેતા વોર્ડ નં.૭ માં પ્રથમ બેઠક પછાતવર્ગ સ્થી તથા ત્રીજી બેઠક પછાત વર્ગ અને બે બેઠકો પછાતવર્ગને ફાળવવાની થાય છે.

૨૦. ઉપર મુજબ અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવાની થાય છે.

૨૧. સમગ્રત: તમામ પાસાંઓનો અભ્યાસ કરીને આ હુકમ સાથે સંલગ્ન અનુસૂચિ- ૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે સામેલ અનુસૂચિ- ૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સદર મુસદ્દા આદેશ તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી ૭ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી **અમરેલીને** ઉક્ત સમય માર્યાદામાં આપવાની રહેશે. મુદત પુરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ **ધારી** નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ.

અનુસૂચિ-૧

ધારી નગરપાલિકા, જિલ્લો-અમરેલી

વોર્ડ નં. ૧ **ધારી નગરપાલિકા**

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૭૩	૩૧૬	૦	૫૯૧	૧ થી ૧૦૩	વિસાવદર રોડ પ્રેમપરા, મેઈન બજાર પ્રેમપરા
	૭૪	૦	૦	૫૭૪	૧ થી ૧૨૨	મેઈન બજાર પ્રેમપરા, ચોરાવાળી શેરી પ્રેમપરા
	૭૫	૦	૦	૬૦૯	૧ થી ૧૨૨	ચોરાવાળી શેરી પ્રેમપરા,
	૭૬	૦	૦	૭૭૪	૧ થી ૧૪૭	ચોરાવાળી શેરી પ્રેમપરા, ખોડીયારમંદીર, પંપહાઉસ શ્યામડેરી
	૭૭	૨૬૫	૦	૭૯૫	૧ થી ૧૫૭	ખોડીયારપરા પ્રેમપરા, મીસ્ત્રી શેરી, માતાજીનો મઢ, મહાદેવ મંદીર
	૭૮	૨૩૧	૦	૫૭૯	૧ થી ૧૧૬	ભરવાડપરા પ્રેમપરા, કોમ્યુનીટી હોલ, ચારરસ્તા, ખેતર વિસ્તાર
કુલ		**૮૧૨**		**૩૯૨૨**		

વોર્ડ નં.૧ની હદનું વર્ણન:- કોઠાપીપરીયા અને ડાંગાવદરને સીમાડો ક્રોસ થતા વોર્ડનં.-૧ ના વાયવ્ય ખુણેથી રેવન્યુ સર્વે નંબર-૨૩૩ થી શરૂ કરી ઈશાન ખુણા તરફ જતા રેવન્યુ સર્વેનં.-૨૩૩, ૨૩૪, ૨૪૪, ૨૪૫, ૨૪૬, ૨૪૭, ૨૫૦ને આવરી લઈ બગસરા ઘારી રોડથી દક્ષિણ તરફ જતા રેવન્ય સર્વેનંબર-૨૫૦, ૨૫૧, ૨૪૯, ૨૪૮, ૨૨૨-૧, ૨૨૨-૨, ૨૨૦-૧, ૧૯૪, ૧૯૩, ૧૮૪, ૧૮૩, ૬૦, ૫૯-૨, ૫૪, ૪૯, ૪૮, ૪૭ને આવરી લઈ નૈરૂત્ય તરફ જતા સ.નં.-૪૭, ૪૬, ૪૫ ને આવરી લઈ પ્રેમપરા ગામતળને આવરી લઈ વિસાવદર રોડ, પ્રેમપરા મેઈન બજાર,

ચોરાવાળી શેરી ખોડીયાર મંદીર, પંપ હાઉસ, શ્યામડેરી, ખોડીયારપરા, મિસ્ત્રી શેરી, માતાજીનો મઢ, મહાદેવ મંદીર ભરવાડ પરા કોમ્યુનીટી હોલ, ચાર રસ્તા, ખેતર વિસ્તાર વગેરેને આવરી લઈ આગળ રેવન્યુ સર્વેનં.-૮૮-૨, ૯૦, ૯૧, ૯૨, ૧૨૦૭ ને આવરી લઈ ચલાલા જુનાગઢ રેલ્વેલાઈનની જમણી બાજુ રેવન્યુ સર્વેનંબર-૧૨૦૭, ૧૦૧, ૧૧૯૫, ૯૯-૧, ૧૦૪, ૧૦૭, ૧૦૯, ૧૨૯, ૧૩૫, ૧૩૪, ૧૨૦૩, ૧૩૮, ૧૨૦૫ અને ૧૨૦૬ ને આવરી લઈ કોઠાપીપરીયાના સીમાડા સુધી જઈ ઉતર તરફ જતા રેવન્યુ સર્વેનંબર-૧૪૧, ૧૪૫, ૧૪૬, ૧૬૪, ૧૬૫, ૧૬૬, ૧૬૮, ૧૬૯-૩, ૧૭૦, ૧૭૩, ૨૩૦, ૨૩૧-૧, ૨૩૧-૨, ૨૩૧, ૨૩૨ને આવરી લઈ રેવન્યુ સર્વેનંબર-૨૩૩ના છેલ્લા ખુણા સુધીના વચ્ચે આવતો તમામ વિસ્તાર જે વોર્ડનં.-૧ માં વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતાં તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨ **ધારી નગરપાલિકા**

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૭૯	૦	૦	૮૮૬	૧ થી ૧૭૦	મફતીયાપરા, સોઈલ પ્રેમપરા
	૮૦	૦	૦	૭૫૭	૧ થી ૧૪૧	ગઘઈપરા, બગસરા રોડ વિસ્તાર પ્રેમપરા
	૮૧	૦	૦	૬૯૦	૧ થી ૧૪૨	કૃષ્ણસોસાયટી, ઈટુના ભઠા, પોષ્ટ ઓફિસર, શેત્રુજી નદી
	૯૭	૦	૦	૪૪૯	૧ થી ૧૦૩	જુનીકચેરી રોડ, ખોજાપા, આંબલીશેરી, ભટ શેરી,
	૧૦૧	૨૪	૦	૩૯૫	૧ થી ૮૯	લાઈબ્રેરી રોડ, ચોરાપા, કંદોઈ શેરી
	૧૦૨	૦	૦	૪૫૬	૧ થી ૧૧૩	ચોરાપા
	૧૦૩	૦	૦	૬૧૨	૧ થી ૧૩૦	ચોરાપા, પુરબીયાશેરી
	૧૦૪	૦	૦	૨૬૦	૧ થી ૫૪	ત્રિવેણીરોડ, જુની કચેરી રોડ
કુલ		**૨૪**	**૦**	**૪૫૦૫**		

વોર્ડ નં.૨ની હદનું વર્ણન:- રેવન્યુ સ.નં.-૨૫૨ના વાયવ્ય ખુણે ડાંગાવદરના સીમાડાથી શરૂ કરી ઈશાન ખુણા તરફ જતા રે.સ.નં.-૨૫૨, ૨૬૩ને આવરી લઈ ભરડ ગામના સીમાડા સુધી રેવન્યુ સર્વેનંબર-૨૮૭, રીઝર્વ ફોરેસ્ટને આવરી લઈ અગ્ની ખુણા તરફ રેવન્યુ સર્વે નંબર-૨૮૮ રીઝર્વ ફોરેસ્ટને આવરી લઈ પુર્વ તરફ શેત્રુજી નદીને આવરી લઈ વાયવ્ય દિશા તરફ જતા શેત્રુજીના કિનારે કિનારે જતા સર્વેનંબર-૨૯૮, ૪૦૩, ૪૦૪, ૪૩૯, ૪૧૧, ૪૧૬, ૧૧ ને આવરી લઈ ગાંધી બ્રીજ સુધી મેઈન બજારની જમણી તરફના વિસ્તારો શાકમાર્કેટ વિસ્તાર, કંદોઈ શેરી,ભટ્ટશેરી, આબંલીશેરી, જુની કચેરી રોડ, ખોજાપા, ત્રિવેણી રોડ, સ્વામીનારાયણ મંદીર વિસ્તાર, પુરબીયા શેરી, ચોરાપા વિસ્તારને આવરી લઈ સરકારી દવાખાના વિસ્તારથી નતાળીયા નદીના બ્રીજ પર જતા સર્વેનંબર-૩, ૨, ૪, ૫, ૬, ને આવરી લઈ રેવન્યુ સર્વેનંબર-૧૨ ને આવરી લઈ ઉતર તરફ વોર્ડ નં.-૧ની હદે-હદે (બગસરા ઘારી રોડ) જમણી તરફ જતા ગ્રામ પંચાયત કચેરી, પ્રાઈમરી શાળા, કૃષ્ણ સોસાયટી, ઈટુના ભઠા, લાતી, પોષ્ટ ઓફિસ, બગસરા રોડ વિસ્તાર, ગઈઘપરા, સોઈલ પ્રેમપરા, મફતીયા પરાને આવરી લઈ વોર્ડનં.-૧ ની હદે-હદે (બગસરા ઘારી રોડની જમણી તરફ)સર્વેનં.-૪૪/૧, ૪૪, ૪૨, ૪૧, ૩૬, ૩૮/૧, ૨૦૦/૨, ૧૯૯, ૧૯૮, ૧૯૭, ૧૯૬, ૨૨૦, ૨૧૯, ૨૬૫/૧, ૨૫૬, ૨૫૫, ૨૫૪, ૨૫૩ને આવરી લઈ સર્વેનંબર-૨૫૨ના ખુણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩ **ધારી નગરપાલિકા**

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
3	૬૩	૮૫	૦	૬૬૬	૧ થી ૧૨૯	વેકરીયાપરા જુનુ ગામતળ

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	૬૪	૨૨૦	૦	૬૨૧	૧ થી ૧૨૭	વેકરીયાપરા જુનુ ગામતળ, જંગલખાતુ ઘારી
	૬૫	૦	૦	૭૯૫	૧ થી ૧૫૪	ટેલીફોન એક્ષચેન્જ વિસ્તાર, ખીચા રોડ, હેમરાજીયા નદી કાંઠા વિસ્તાર, રણછોડનગર, ૬૬ કેવી. વિસ્તાર
	૯૧	૪	૯	૭૫૪	૧ થી ૧૫૦	સરદારનગર
	૯૨	૦	૮	૭૩૮	૧ થી ૧૬૩	સરદારનગર, જોષીબાગ, વિશ્વકર્મા સોસાયટી
	૯૩	૧૩	૦	૩૪૪	૧ થી ૭૧	જુની મામલતદાર કચેરી વિસ્તાર, સ્ટાફ કર્વાટર
	કુલ	**૩૨૨**	**૧૭**	**૩૯૧૮**		

વોર્ડ નં.૩ની હદનું વર્ણન:- વોર્ડ નં.-૩ના વાયવ્ય ખુણે શેત્રુજી નદીના કિનારે રેવન્યુ સર્વે નંબર-૪૩૮ને આવરી લઈ ઈશાનખુણા તરફ જતા સર્વેનંબર-૪૩૯, ૪૪૦, ૪૪૧, ૪૫૨/૨, ૩૫૨, ૩૫૩, ૩૫૪, ૩૮૯, ૩૯૨, ૩૯૩, ૩૯૪, ૩૯૫, ૪૦૨, ૪૦૧, ૨૯૯, ને આવરી લઈ ઉતર તરફ જતા આંબરડીના સીમાડા સુધી જઈ રીઝર્વ ફોરેસ્ટ આવરી લઈ પુર્વ તરફ જતા ત્યારબાદ આંબરડી અને માણાવાવના સીમાડોકોસ થાઈ ત્યા સુધી ઈશાન તરફ જતા ત્યારબાદ દક્ષિણ તરફ રીઝર્વ ફોરેસ્ટને આવરી લઈ સ.નં.-૩૧૯, ૩૧૮, ૩૧૭, ૩૧૬, ૩૨૦/૨, સરકારી પડતર આવરી લઈ અમરેલી ઘારી રોડ સુધી જતા ત્યારબાદ પશ્ચિમ તરફ જતા જેમાં ૬૬ કે.વી. વિસ્તાર, કોર્ટબિલ્ડીંગ, તિજોરી કચેરી વિસ્તારનેઆવરી લઈ રેવન્યુ સર્વેનંબર-૩૩૦, ૩૩૧, ૩૩૨, ૩૩૩, ૩૩૪, ૩૩૯ને આવરી લઈ દક્ષિણ તરફ ખીચા ગામના સીમાડા તરફ જતા જેમાં સર્વે નંબર-૪૬૧, ૧૧૬૨, ૪૬૨, ૪૬૦, ૪૬૩ના ખુણા સુધી જઈ ત્યારબાદ વાયવ્ય ખુણા તરફ જતા ૪૫૬-૧, ૪૬૪, ખાંભા રોડ, સ.નં.-૪૭૦, ૪૬૯, ૪૬૮ને આવરી લઈ કોતર સુધી જતા વાયવ્ય તરફ જતા સ.નં.-૪૬૮, ૪૬૭, ૪૭૩, ૧૧૬૯, રેલ્વે લાઈનની કિનારે-કિનારે પશ્ચિમ તરફ જતા સ.નં.-૧૧૭૧, ૧૧૭૩, ૫૧૨ને આવરી લઈ ઉતર તરફ જતા જોષી બાગ, વિશ્વકર્મા સોસાયટી, સરદાર નગર, વેકરીયાપરા જુનુ ગામતળ, જંગલખાતુ, ટેલીફોન એકસેન્જ વિસ્તાર, રણછોડનગર, ખીચા રોડ વિસ્તાર હેમરાજીયા નદી કાંઠાવિસ્તાર તથા વેકરીયાપરા પ્રાથમિક શાળાને આવરી લઈળ ઉતર તરફ જતા નવુ બસ સ્ટેન્ડ રેવન્યુ સર્વેનંબર-૪૪૩, ૪૩૮ને આવરી લઈ વોર્ડનં.-૨ ની હદ સુધીની વચ્ચે આવતો તમામ વિસ્તાર આવરી લીધેલ છે.

વોર્ડ નં. ૪ **ધારી નગરપાલિકા**

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૮૬	૩૨	૦	૫૫૪	૧ થી ૧૩૮	જી.ઈ.બી.વિસ્તાર, વુંદાવન સોસાયટી, નાલંદા સોસાયટી
	૮૭	૦	૦	૫૦૧	૧ થી ૧૨૩	વુંદાવન સોસાયટી, નાલંદા સોસાયટી, અજંતા સોસાયટી
	૮૮	૫૨	૦	૫૩૫	૧ થી ૧૨૪	અજંતા સોસાયટી, શીવનગર
	૮૯	૪	૦	૫૩૮	૧ થી ૯૨	વાઘાપરા
	૯૦	૫૨	૦	૫૩૫	૧ થી ૮૫	વાઘાપરા
	૯૪	૪	૦	૪૮૧	૧ થી ૧૧૬	પશુદવાખાના પાસે કલબ સ્ટ્રીટ, વિકાસ ક્વાર્ટર
	૯૫	૩૨	૭	૬૩૫	૧ થી ૧૩૪	કલબ સ્ટ્રીટ સ્ટેશનપ્લોટ
	૯૬	૨૮૩	૦	૭૭૩	૧ થી ૧૫૯	ઈસબગઢ, વાલ્મીકીવાસ, જૂના બસસ્ટેન્ડ વિસ્તાર
કુલ		**૪૫૯**	**૭**	**૪૫૫૨**		

વોર્ડ નં.૪ની હદનું વર્ણન:- રેવન્યુ સર્વેનંબર-૪૧૬ના વાયવ્ય ખુણેથી શરૂ કરી શેત્રુજી નદીના કિનારે-કિનારે ઇશાન દિશા તરફ જતા જેમાં રેવન્યુ સર્વેનંબર-૪૧૭, ૪૧૮, ૪૩૩, ૪૩૨, ૪૩૧, ૪૩૪ને આવરીલઇ દક્ષિણ તરફ જતા જી.ઇ.બી.વિસ્તાર, વુંદાવન સોસાયટી, નાલંદા સોસાયટી, અજંતા સોસાયટી, શીવનગર, વાઘાપરા, રેવન્યુ સર્વેનંબર-૪૩૪, ૪૩૬, ૪૩૦ને આવરી લઇ આગળ જતા દામાણી હાઇસ્કુલ, રેવન્યુ સર્વે નંબર-૫૧૩/૨, ૫૧૧, પશ્ચિમ તરફ જતા જુની મામલતદાર કચેરી, રેલ્વે લાઇન, પશુ દવાખાના વિસ્તાર, કલબ સ્ટ્રીટ, રેવન્યુ સર્વેનંબર-૧૧૭૮, રેલ્વે સ્ટેશનવિસ્તાર સર્વેનંબર-૧૧૭૯, ૬૭૮ ને આવીર લઇ ત્યારબાદ ઉતર તરફ જતા સ.નં.-૫૩૦, ૫૨૯/૧, ૫૨૭, ૪૨૪, ૪૨૨/૧, ૪૨૧/૧, ૪૨૧, ૪૧૯ને આવરી લઇ જેમાં વાલ્મીકીવાસ, જુનો કુંભારવાડો, ઇસબગઢ, ભરવાડ શેરી, જુનુ બસ સ્ટેન્ડવિસ્તાર, સ્ટેશનપ્લોટ, વી.પી.જી.હાઇસ્કુલ, પ્લોટ કન્યાશાળા, તાલુકા પંચાયત બિલ્ડીંગ સહીત આવતો તમામ વિસ્તાર આવરી લીધેલ છે.

વોર્ડ નં. ૫ **ધારી નગરપાલિકા**

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૮૨	૦	૦	૬૦૯	૧ થી ૧૩૪	ચોરાપા વિસ્તાર નબાપરા
	૮૩	૫૧	૦	૬૪૧	૧ થી ૧૩૨	પ્રા.શાળા બાજુનો વિસ્તાર નબાપરા
	૮૪	૦	૦	૩૯૭	૧ થી ૮૭	લાઇનપરા, કૃષિશાળા ભાગ-૧
	૮૫	૦	૦	૫૬૬	૧ થી ૧૧૬	દેવીપુજક વિસ્તાર, કૃષિશાળા ભાગ-૨
	૯૮	૧૭	૦	૫૫૦	૧ થી ૧૧૫	ખાટકીવાસ, શ્રીજીનગર, મધુવન, જુની દેનાબેંક શેરી, મારૂતીનગર
	૯૯	૧૬૯	૦	૫૫૧	૧ થી ૧૧૧	જુનો વણકરવાસ, શીવપાર્ક, ક્રિષ્નાપાર્ક, કોડીનારરોડ, કોળીપા
	૧૦૦	૭	૦	૫૨૮	૧ થી ૧૦૦	કોળીપા શેરીનં.-૧ થી ૪, વકીલ શેરી, કંદોઇ શેરી
કુલ		૨૪૪	૦	૩૮૪૨		

વોર્ડ નં.૫ની હદનું વર્ણન:- માલસીકા અને કોઠાપીપરીયાના સીમાડે રેવન્યુ સર્વે નંબર-૧૦૨૭ના વાયવ્ય ખુણાથી શરૂ કરી પુર્વ તરફ જતા સર્વેનંબર-૧૦૨૭, ૧૦૩૧, ત્યારબાદ ઉતર તરફ જતા સ.નં.-૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૪૦ને, રેલ્વે લાઇન આવરી લઇ રેવન્યુ સર્વે નંબર-૧૪૦, ૧૩૯, ૧૩૭, ૧૩૬, ૧૨૮, ૧૦૪, ૧૦૩, ૧૦૨, ૧૧૦૯, ૧૧૧૧/૧, ને આવરી લીધેલ વિસ્તાર જેમાં નબાપરા ગામતળ, જીવન મુકતેશ્વર મંદીર, પ્રાથમિકશાળા આજુબાજુનો વિસ્તાર, ચોરાપ વિસ્તાર નબાપરા ઇશાન તરફ જતા શેત્રુજી નદીના કિનારે સ.નં.-૧૧૪૬, ૧૧૪૮, ૧૧૪૯, ૧૧૫૬, ૧૧૪૭, ૧૧૦૮/૨૪ પુલ તરફ જતા પુર્વ તરફ સ.નં.-૧૧૫૬, ૧૧૫૮, મુખ્ય બજારથી પુર્વ તરફ જતા કોડીનાર રોડ, કોળીપા શેરીનં.-૧ થી ૪, વકીલ શેરી, કંદોઇ શેરી, જુની દેનાબેંક શેરી, ખાટકીવાસ, શ્રીજીનગર, મધુવન સોસાયટી, મારૂતીનગર, જુનોવણકરવાસ વિસ્તારને આવરી ગાંધીબ્રીજ નદીના દક્ષિણ તરફના કિનારે-કિનારે જતા રેવન્યુ સ.નં.-૭૫૮, ૭૫૩, ૭૪૯, ૭૪૮, ૧૨૨૨, ૭૪૬, ૭૪૦, ૭૩૮, ૭૩૧, ૭૩૭, ૭૩૬, ૧૧૯૩, ૭૩૦, ૭૩૩/૧૭, ૭૦૮, ૭૧૩, ૭૦૭પે૧, ૭૦૬, ૭૦૫, ૭૩૩/૮, ને આવરી લઇ સરસીયાગામની હદ સુધી જતા ત્યારબાદ વાયવ્ય તરફ નદીના કિનારે કિનારે જતા રેવન્યુ સર્વેનંબર-૭૩૩/૧૯ને આવરી લઇ નૈરૂત્ય ખુણા તરફ જતા સ.નં.-૭૧૭, ૭૩૩/૧, ૭૧૯, ૭૨૦, ૭૨૧, ૭૨૨, ૭૨૩, ૭૨૪, ૭૨૫, ૮૦૪, ૮૦૫, ૮૦૬, ૮૬૭/૬ કુબડા રોડ સુધી જતા ત્યારબાદ દક્ષિણ તરફ રેવન્યુ સ.નં.-૮૬૬, ૮૬૭/૭, ૮૬૭/૧૩, ૮૬૭/૯, ૮૮૭, ૮૮૮, ૮૮૯, ૮૯૦, ૮૯૩ દલખાણીયા રોડ, સ.નં.-૮૯૫, ૮૯૬, ૯૦૩, ૯૦૪, ૯૧૦, ૯૧૧, ૯૧૨, ને આવરી લઇ ઉતર તરફ જતા સ.નં.-૯૧૪, ૯૧૫, ૯૧૭, ને આવરી લઇ પુર્વ તરફ જતા સ.નં.-૯૧૮, ૯૨૧, ૯૨૨, ત્યારબાદ ઉતર તરફ જતા સ.નં.-૯૬૬, ૯૬૭, ૯૬૮, ૯૬૯, ૯૭૦, ૯૭૨, ૯૯૪, ૯૯૩, ૯૯૬, ૧૦૦૬, ૧૦૦૫, ૧૦૦૭, ૧૦૦૮, ૧૦૦૯, ૧૦૧૮, ૧૦૧૯, ૧૦૨૦, ૧૦૨૧, ૧૦૨૨, ૧૦૨૩, ૧૦૨૪, ૧૦૨૫, ૧૦૨૮, ૧૦૨૬, નુ આવરી લઇ સ.નં.-૧૦૨૭ ના વાયવ્ય ખુણા સુધીનો અંદર સમાવેશ થતો તમામ વિસ્તાર લાઇનપરા, લાઇનપરા પ્રાથમિકશાળા, કૃષિશાળા ભાગ-૧, દેવીપુજક વિસ્તાર, કૃષિશાળા ભાગ-૨, ગોપાલનગર સહીતનો તમામ વિસ્તાર આવરી લીધેલ છે.

વોર્ડ નં. ૬ **ધારી નગરપાલિકા**

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૧૦૬	૪	૧૮	૬૨૦	૧ થી ૧૩૦	પોલીસ લાઈન સામેનો વિસ્તાર, નીચલા કર્વાટર, નવીવસાહત કુંભારવાડો, સરસીયારોડ, ફાટક રોડ
	૧૦૭	૦	૦	૫૧૩	૧ થી ૧૦૬	નવીવસાહત ગણેશ સોસાયટી
	૧૦૮	૦	૦	૪૮૨	૧ થી ૧૦૬	નવીવસાહત ગણેશ સોસાયટી
	૧૦૯	૧	૪	૫૨૮	૧ થી ૧૧૩	નવીવસાહત
	૧૧૦	૦	૦	૫૮૯	૧ થી ૧૧૩	મહીલા કોલેજ પાસે, સોનબાઈ બંગલો, પુનીત સોસાયટી, નવીવસાહત
	૧૧૧	૨૨	૨	૪૬૧	૧ થી ૧૦૩	ઈલોરા સોસાયટી, પંચવટી સોસાયટી
	૧૧૨	૨૦૧	૩૩	૧૧૪૮	૧ થી ૨૨૬	ગણેશ સોસાયટી, ખાડીયો, હરીકૃષ્ણ સોસાયટી
	૧૧૩	૧૯૭	૦	૩૭૮	૧ થી ૭૫	નવીવસાહત, ઈદીરાનગર
કુલ		૪૨૫	૫૭	૪૭૧૯		

વોર્ડ નં.૬ની હદનું વર્ણન:- વોર્ડ નં.-૬ના વાયવ્ય ખુણે રેવન્યુ સર્વેનંબર-૬૭૯/૧ના વાયવ્ય ખુણેથી શરૂ કરી પુર્વ તરફ રેલ્વે લાઈનના કિનારે-કિનારે સર્વે નંબર-૧૧૮૩, ૧૧૮૦, ૫૩૬, ૫૩૭, ૫૧૬, ૫૧૦/૧, ૫૧૭/૧, ૫૦૭, ૫૦૬, ૫૦૫/૧, ૪૭૬, આવરી લઈ અગ્ની ખુણા તરફ જતા કોતરના કિનારે-કિનારે જતા સર્વેનંબર-૪૭૪/૪, ૪૭૭, ૪૭૮, ૪૮૦, ૪૮૨, ૪૮૧ને આવરી લઈ ત્યાંથી દક્ષિણ તરફ ખીચા ગામના સીમાડે-સીમાડે જતા રેવન્યુ સ.નં.-૪૮૧, ૪૮૩, ૪૯૦, ૪૮૪, ૪૮૫, ખીચા ગાડા માર્ગને આવરી લઈ પશ્ચિમ તરફ જતા રેવન્યુ સર્વેનંબર-૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૭૪/૧, ૫૬૪/૧, ૫૫૪, ૫૪૮, ૫૪૯, ૫૪૧ ને આવરી લઈ ગાંધીબ્રીજ નદી સુધી આવરી લઈ ઉતર તરફ નદીના કિનારે-કિનારે જતા સ.નં.-૬૭૯, ૬૮૦/૧, ૬૭૯/૧, ને આવરી લઈ જેની અંદર સમાવિષ્ટ તમામવીસ્તાર, સરસીયારોડ ફાટક વિસ્તાર, પોલીસ લાઈન સામેનો વિસ્તાર, નીચલા કર્વાટર, નવી વસાહત, કુંભારવાડો, ગણેશ સોસાયટી, મહીલા કોલેજ પાસે, સોનબાઈ બંગ્લોઝ, પુનીત સોસાયટી, ઈલોરા સોસાયટી, પંચવટી સોસાયટી, ગણેશ સોસાયટી, ખાડીયો, હરીકૃષ્ણનગર, ઈન્દીરાનગર વિસ્તાર, નવી વસાહત પ્રાથમિક શાળા સહીતનો વીસ્તાર આવરી લીધેલ છે.

વોર્ડ નં. ૭ **ધારી નગરપાલિકા**

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૧૦૫	૪૮	૧૩	૭૧૬	૧ થી ૧૪૨	પોલીસલાઈન, ઉપલા કવાર્ટર
	૬૬	૦	૦	૫૭૦	૧ થી ૧૧૪	ગેઈટનં.-૧ નો ભાગ હરીપરા, ગેઈટનં.-૨ માં બાજુનો ભાગ
	૬૭	૦	૦	૫૫૨	૧ થી ૧૧૧	મેઈન બજાર હરીપરા, ગેઈટનં.-૨/૩સામે હરીપરા રોડ
	૬૮	૦	૦	૬૭૩	૧ થી ૧૩૬	શાળાની બાજુમાં, ચોરાની પાછળનો ભાગ હરીપરા

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	૬૯	૦	૦	૬૨૯	૧ થી ૧૩૦	સરસીયારોડ હીમખીમડી
	૭૦	૦	૦	૬૧૭	૧ થી ૧૨૯	ઢોરા વિસ્તાર હીમખીમડી
	૭૧	૦	૦	૪૭૫	૧ થી ૯૮	આંગણવાડી વિસ્તાર હીમખીમડી
	૭૨	૨૫	૦	૬૬૨	૧ થી ૧૧૯	ભરવાડપરા વિસ્તાર હીમખીમડી
કુલ		૭૩	૧૩	૪૮૯૪		

વોર્ડ નં.૭ની હદનું વર્ણન:- રેવન્યુ સર્વે નંબર-૧૨૨૩ના વાયવ્ય ખુણેથી શરૂ કરી પુર્વ તરફ જતા સ.નં.-૧૨૨૩, ૬૮૧, ૬૮૨, ૧૧૮૬, ૧૧૮૭, ૫૪૭, ૫૫૫, ૫૬૫, ૪૭૪, ૫૮૭, ૫૮૯, ૫૯૩ને આવરી લઈ ખીચા ગામના સીમાડ સુધી જતા ત્યાથી દક્ષિણ તરફ સ.નં.-૫૯૪, ૫૯૮, ૫૯૯, ૬૦૦, ૬૦૧ને આવરી લઈ પશ્ચિમ તરફ સ.નં.-૬૦૨/૨, ૬૦૩, ૬૦૪, ૬૦૫, ૬૦૬, ૬૦૭, ૬૦૮, ૬૧૧, ૬૧૬/૧, ૬૧૫, ૬૧૬, ૬૧૭, ૬૧૮, ને આવરી લઈ ત્યાંથી ઉતર તરફ જતા સ.નં.-૬૧૯, ૬૨૦, ૬૫૨, ૬૫૧, ૬૫૩, ૬૫૦/૧, ૭૦૪, ૭૦૩, ૭૦૨, ૬૫૮/૧, ૭૦૧, ૬૯૬, ૬૯૭, ૬૯૪, ૬૯૮, ૬૯૩, ૬૯૨, ૬૯૧, ૬૯૦, ૬૮૯, ૬૮૫, ૬૮૧, ૧૨૨૩ ના વાયવ્ય ખુણા સુધી અંદર સમાવેશ થતો નીચે મુજબનો તમામ વીસ્તાર, પોલીસ લાઈન, ઉપલા કર્વાટર, હરીપરા ગેટનં.-૧ વિસ્તાર, હરીપરા ગેટ નં.-૨ની બાજુનો ભાગ, મેઈન બજાર હરીપરા, ગેટ નં.-૨ અને ૩ સામેનો વિસ્તાર હરીપરા પ્રાથમિકશાળા બાજુનો વિસ્તાર, ચોરાની પાછળનો ભાગ, સરસીયા રોડ, હીમખીમડી ઢોરા વિસ્તાર, હીમખીમડી આંગણવાડી વિસ્તાર, હીમખીમડી ભરવાડપરા વિસ્તાર સહીતનો વિસ્તાર આવરી લીધેલ છે.

આર. જી. ગોહિલ,

સચિવ,

રાજ્ય ચૂંટણી આયોગ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-ધારી-યુનિટ-૬-૦૮૨૦૨૫,

તા. ૦૮/૦૯/૨૦૨૫નું સાંધણ

અનુસૂચિ-૨

ધારી નગરપાલિકાની સને-૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૩૦૩૫૨	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૪૩૩૬	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ : ૪૭૬૯
		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૩૯૦૩
બેઠકોની સંખ્યા	૨૮	
કુલ સ્ત્રી બેઠકો	૧૪	(અ.જાતિ, અને પછાતવર્ગની સ્ત્રી માટે બેઠકો સહિત)
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ અનુસૂચિત જાતિ સ્ત્રી
અનુ. આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦	-
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૮	તે પૈકી ૪ બેઠકો પછાતવર્ગ સ્ત્રી
કુલ અનામત બેઠકો	૧૯	
સામાન્ય બેઠકો	૯	

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૩૯૨૨	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૨	૨	૪૫૦૫	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૩૯૧૮	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૪૫૫૨	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૩૮૪૨	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૪૭૧૯	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૪૮૯૪	પછાતવર્ગ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
	કુલ	**૩૦૩૫૨**	-	-	-	-

આર. જી. ગોહિલ
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.09 21:08:11 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar